સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન


# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 05

JANUARY-FEBRUARY-2024
28-01-24 To 03-02-24

સંપાદક
મૌલિક ગોંધિયા




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**28 JAN-2024**

- દિવસ મહિમા : 28 ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day), શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ ..... 02
- ઓસ્ટ્રેલિયન ઓપન 2024 ..... 03
- શ્રી રોહન બોપન્નાએ 43 વર્ષની ઉંમરે ઓસ્ટ્રેલિયન ઓપન જીતી ઈતિહાસ રચ્યો ..... 05
- QUESTION ANSWERS ..... 06

**29 JAN-2024**

- ભારતની શાસ્ત્રીય ભાષાઓ (Classical Languages of India) ..... 07
- આઈકોન ઓફ ધ સીઝ : વિશ્વનું સૌથી મોટું ક્રુઝ શિપ ..... 08
- બિહારના મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ નવમી વખત શપથ ..... 09
- QUESTION ANSWERS ..... 11

**30 JAN-2024**

- દિવસ મહિમા : 30 જાન્યુઆરી, શહીદ દિન (મહાત્મા ગાંધી પૂણ્યતિથિ), રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન ..... 12
- નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ની 44મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ ..... 12
- કાઝિરંગા નેશનલ પાર્કમાં ગોલ્ડન ટાઈગર ..... 14
- પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના ..... 14
- QUESTION ANSWERS ..... 16

**31 JAN-2024**

- ભારત-ફ્રાન્સ સંબંધો (India-France Relations) ..... 17
- આધાર એ નાગરિકતાનો પુરાવો નથી ..... 19
- 2024 ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ માટે માસ્કોટની જાહેરાત ..... 20
- QUESTION ANSWERS ..... 21

**01 FEB-2024**

- દિવસ મહિમા : 01 ફેબ્રુઆરી, ભારતીય કોસ્ટગાર્ડ સ્થાપના દિવસ ..... 22
- ભારતે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદી માટે 'ભારતના મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ'ને નામાંકિત કર્યું ..... 22
- Corruption Perception Index 2023માં ભારત 93માં ક્રમે ..... 23
- ભારતમાં હિમ ચિત્તાની સ્થિતિ અંગેનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો ..... 25
- સદા તનસીક કવાયત : ભારત-સાઉદી અરેબિયા ..... 26
- QUESTION ANSWERS ..... 27

**02 FEB-2024**

- દિવસ મહિમા : 02 ફેબ્રુઆરી, વિશ્વ આદ્રભૂમિ દિવસ (World Wetland Day) ..... 28
- IEAએ 'Electricity 2024 Report' બહાર પાડ્યો ..... 28
- ઉત્તરપ્રદેશે ફાઈલોરિયા નાબૂદી માટે મિશન શરૂ કર્યું ..... 31
- QUESTION ANSWERS ..... 32

**03 FEB-2024**

- શ્રી જય શાહની ACCના પ્રમુખ તરીકે ત્રીજી વખત વરણી ..... 33
- સમુદ્રી શેવાળની ખેતીને પ્રોત્સાહન આપવા પર રાષ્ટ્રીય સંમેલન ..... 33
- શ્રી ચંપઈ સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ..... 34
- QUESTION ANSWERS ..... 34

ONE LINER ..... 35

QUESTION OF THIS WEEK ..... 38


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 જાન્યુઆરી, (1) ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day)
## (2) શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ

### ડેટા ગોપનીયતા દિવસ

ગોપનીયતા અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે 28 જાન્યુઆરીએ 'ડેટા ગોપનીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ગોપનીયતા એ તમામ વ્યક્તિઓ માટે ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવાનું એક માધ્યમ છે.
- આ દિવસ તમામ હિસ્સેદારોને ગોપનીયતા સંસ્કૃતિ વિકસાવવા માટે તેમની જવાબદારી નિભાવવા પ્રોત્સાહિત કરે છે.
- વર્ષ 2024ના ડેટા ગોપનીયતા દિવસની થીમ 'Take Control of Your Data' છે.

### શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ

28 જાન્યુઆરી એ શ્રી લાલા લજપતરાયજીની જન્મજયંતિ છે.



- ભારતીય સ્વાતંત્રતા ચળવળના અગ્રણી નેતા શ્રી લાલા લજપતરાયનો જન્મ 28 જાન્યુઆરી, 1865ના રોજ પંજાબના ફિરોજપુર જિલ્લાના દુધેખા ગામમાં થયો હતો.
- શ્રી લાલા લજપતરાય સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્યસમાજના વિચારોથી ખૂબ પ્રેરિત થયા હતા.
- તેઓ વર્ષ 1894માં પ્રારંભિક તબક્કામાં પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલ હતા.
- વર્ષ 1928માં ભારતની રાજકીય પરિસ્થિતિ વિશે અહેવાલ આપવા માટે બ્રિટિશ સરકારે સાયમન કમિશનની રચના કરી હતી. આ સાયમન કમિશન 3 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારત પહોંચ્યું હતું. આ કમિશનનો સમગ્ર ભારતમાં વિરોધ થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી લાલા લજપતરાયે સાયમન કમિશનના વિરોધમાં લાહોર ખાતે વિશાળ આંદોલન કર્યું હતું. આ આંદોલનમાં બ્રિટિશરોએ લોકો પર લાઠી ચાર્જ કર્યો હતો આ લાઠી ચાર્જમાં લાલા લજપતરાયજી ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ 17 નવેમ્બર, 1928ના રોજ મૃત્યુ પામ્યા હતા.
- પંજાબ કેસરીના નામથી જાણીતા શ્રી લાલા લજપતરાયે આઝાદીની લડતમાં ઘણા મોટા આંદોલનમાં નેતૃત્વ કર્યું હતું.

## ઓસ્ટ્રેલિયન ઓપન 2024

તાજેતરમાં 14 જાન્યુઆરીથી 28 જાન્યુઆરી, 2024 દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પાર્ક ખાતે 112મી 'ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ'નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 'મેન્સ સિંગલ્સ'ની ફાઈનલ મેચમાં ઈટાલીના યુવા ટેનિસ ખેલાડી શ્રી યાનિક સિનરે રશિયાના શ્રી ડેનિલ મેડવેડેવને પરાજય આપીને આ ટાઈટલ જીત્યું છે.
- શ્રી યાનિક સિનર (અથવા જેનિક સિનર) ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ સિંગલ્સની ફાઈનલ જીતનાર ઈટાલીનો પ્રથમ ખેલાડી બન્યો છે.
- આ સાથે તેમણે પોતાની કેરિયરનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ પણ જીત્યું છે.
- જ્યારે બેલારુસના સુશ્રી આર્યના સબાલેન્કાએ ચીનના સુશ્રી ઝેંગ કિનવેનને હરાવીને 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.
- સુશ્રી આર્યના સબાલેન્કાએ સતત બીજી વખત ઓસ્ટ્રેલિયન ઓપન વિમેન્સ સિંગલ્સનું ગ્રાન્ડસ્લેમ જીત્યું છે.
- ભારતના શ્રી રોહન બોપન્નાએ ઓસ્ટ્રેલિયાના તેમના જોડિદાર શ્રી મેથ્યુ એબ્ડન સાથે 'મેન્સ ડબલ્સ'નું ટાઈટલ જીત્યું છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્ટ્રેલિયન ઓપન 2024 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી યાનિક સિનર (ઈટાલી) | શ્રી ડેનિલ મેડવેડેવ (રશિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી આર્યના સબાલેન્કા (બેલારુસ) | સુશ્રી ઝેંગ કિનવેન (ચીન) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી રોહન બોપન્ના (ભારત)<br>શ્રી મેથ્યુ એબ્ડેન (ઓસ્ટ્રેલિયા) | શ્રી સિમોન બોલેલી (ઈટાલી)<br>શ્રી એન્ડ્રિયા વાવાસોરી (ઈટાલી) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી સીહ સુ–વેઈ (તાઈવાન)<br>સુશ્રી એલીસ મર્ટેન્સ (બેલ્જિયમ) | સુશ્રી લ્યુડમીલા કિચેનોક (યુક્રેન)<br>સુશ્રી જેલેના એસ્ટાપેન્કો (લાતવિયા) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી સીહ સુ–વેઈ (તાઈવાન)<br>શ્રી જેન ઝિલિન્સ્કી (પોલેન્ડ) | સુશ્રી ડેસિરા ક્રાવઝીક (અમેરિકા)<br>શ્રી નીલ સ્કુપ્સકી (ઈંગ્લેન્ડ) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યા યોજાય છે ? | પ્રારંભ | ક્યા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ: (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.
(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

## શ્રી રોહન બોપન્નાએ 43 વર્ષની ઉંમરે ઓસ્ટ્રેલિયન ઓપન જીતી ઈતિહાસ રચ્યો

ઓસ્ટ્રેલિયન ઓપન 2024ની મેન્સ ડબલ્સની ફાઈનલમાં શ્રી રોહન બોપન્ના તથા તેના સાથીદાર ઓસ્ટ્રેલિયાના ખેલાડી શ્રી મેથ્યુ એબડેનની જોડીએ ઈતિહાસ રચ્યો છે.

- આ બંનેએ ફાઈનલમાં 'મેન્સ ડબલ્સ'નો ખિતાબ જીત્યો હતો.
- આ અગાઉ શ્રી રોહન બોપન્ના ક્યારેય મેન્સ ડબલ્સનો ગ્રાન્ડસ્લેમ જીતી શક્યા ન હતા.
- તેઓ અગાઉ બે વખત 2013 અને 2023ના યુ.એસ ઓપનની ફાઈનલમાં પહોંચ્યા હતા પણ ચેમ્પિયન બની શક્યા ન હતા.
- આ સાથે શ્રી રોહન બોપન્ના ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી મોટી ઉંમરના (43 વર્ષની વયે) ખેલાડી બન્યા છે.
- આ ઉપરાંત તેઓ ATP રેન્કિંગ્સ ડબલ્સમાં પ્રથમ ક્રમે પણ પહોંચ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




નોંધ: (1) શ્રી રોહન બોપન્નાનો જન્મ 4 માર્ચ, 1980ના રોજ બેંગ્લોરમાં થયો હતો.
(2) તેઓ ટેનિસ ડબલ્સમાં નિષ્ણાત છે.
(3) ભારત સરકારે તેમને પદ્મ શ્રી પુરસ્કારથી પણ સન્માનિત કર્યા છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસને 'ડેટા ગોપનીયતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 26 જાન્યુઆરી (B) 27 જાન્યુઆરી (C) 28 જાન્યુઆરી (D) 29 જાન્યુઆરી (C)

2. 28 જાન્યુઆરી એ કયા ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીની જન્મજયંતિ છે ?

(A) શ્રી સુખદેવ (B) શ્રી લાલા લજપતરાય

(C) શ્રી ચંદ્રશેખર આઝાદ (D) શ્રી વીર સાવરકર (B)

3. 'ઓસ્ટ્રેલિયન ઓપન 2024'માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર

(C) શ્રી નોવાક જાકોવિચ (D) શ્રી યાનિક સિનર (D)

4. ઓસ્ટ્રેલિયન ઓપન 2024માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર શ્રી યાનિક સિનર (અથવા જેનિક સિનર)ના દેશનું નામ જણાવો ?

(A) સર્બિયા (B) ઈટાલી (C) ગ્રિસ (D) પોલેન્ડ (B)

5. ઓસ્ટ્રેલિયન ઓપન 2024માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી ઈલેના રાયબકીના (B) સુશ્રી આર્યના સબાલેન્કા

(C) સુશ્રી બાર્બરા ક્રેસ્જિકોવા (D) સુશ્રી એશલે બાર્ટી (B)

6. તાજેતરમાં કયા ખેલાડીએ 43 વર્ષની ઉંમરે 'ઓસ્ટ્રેલિયન ઓપન'માં મેન્સ ડબલ્સનું ટાઈટલ જીતી ઈતિહાસ રચ્યો છે ?

(A) શ્રી રોહન બોપન્ના (B) શ્રી ડેનિસ મેડવેડેવ

(C) શ્રી મહેશ ભૂપતી (D) શ્રી નોવાક જોકોવિચ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની શાસ્ત્રીય ભાષાઓ (Classical Languages of India)

સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવાના હેતુથી નોંધનીય વિકાસમાં ભારત સરકારે નવી શિક્ષણ નીતિ હેઠળ ફારસી ભાષાને શાસ્ત્રીય ભાષાઓમાંની એક તરીકે સામેલ કરવાનો નિર્ણય લીધો છે.

- આ જાહેરાત વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર દ્વારા ઈરાનની બે દિવસીય મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી.

**Indian Classical Languages**

1. Tamil
2. Sanskrit
3. Kannada
4. Telugu
5. Malayalam
6. Odia



### ફારસી ભાષા

ફારસી, જેને પર્શિયન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઈન્ડો–ઈરાની ભાષા છે.

- તે ઈન્ડો–ઈરાની ભાષાઓની ઈરાની શાખાની સૌથી વધુ બોલાતી ભાષા છે.
- તે ઈરાનની સત્તાવાર ભાષા છે. ફારસીની બે જાતો દારી અને તાજિક તરીકે ઓળખાય છે, તે અનુક્રમે અફઘાનિસ્તાન અને તાજિકિસ્તાનમાં સત્તાવાર ભાષાઓ છે.
- ફારસી બોલનારાની નોંધપાત્ર વસતી અન્ય પર્શિયન ગલ્ફ દેશો જેમ કે બહેરીન, ઈરાક, ઓમાન, યમન અને UAEમાં જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શાસ્ત્રીય ભાષા કોને કહેવાય ?

કોઈ ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે :

(1) એ ભાષાનો 1500 થી 2000 વર્ષ જૂનો લેખિત ઈતિહાસ હોય અથવા 1500 થી 2000 વર્ષ જૂનો લેખિત ગ્રંથ હોય.

(2) આ ભાષાનું પ્રાચીન સાહિત્ય હોવું જોઈએ અથવા પ્રાચીન ગ્રંથ કે ગ્રંથો હોવા જોઈએ કે જેને એ ભાષા બોલતા લોકો મૂલ્યવાન વારસો માનતા હોય.

(3) એ ભાષાની સાહિત્ય પરંપરા મૌલિક હોવી જોઈએ.

- ઉપરોક્ત માપદંડોને આધારે ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાની શરૂઆત ભારત સરકાર દ્વારા વર્ષ 2004થી કરવામાં આવી છે.
- ભારતની પ્રથમ શાસ્ત્રીય ભાષા તરીકે તમિલ ભાષાને ઈ.સ.2004માં માન્યતા મળી હતી.

## ભારતની અન્ય શાસ્ત્રીય ભાષાઓ

### ભારતની શાસ્ત્રીય ભાષાઓ

| ક્રમ | ભાષા | વર્ષ |
|---|---|---|
| 1 | તમિલ | 2004 |
| 2 | સંસ્કૃત | 2005 |
| 3 | કન્નડ | 2008 |
| 4 | તેલુગુ | 2008 |
| 5 | મલયાલમ | 2013 |
| 6 | ઉડિયા | 2014 |

નોંધ: (1) પાલી અને મૈતેઈ બિનસત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત શાસ્ત્રીય ભાષાઓ છે.

(2) પાલી અને મૈતઈ ભાષાને નિષ્ણાંતો દ્વારા 'શાસ્ત્રીય' ભાષા તરીકે વર્ણવવામાં આવી છે પરંતુ ભારત સરકાર દ્વારા 'શાસ્ત્રીય' તરીકે સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળવાના ફાયદા

કોઈપણ ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો પ્રાપ્ત થવાથી નીચે મુજબના ફાયદા થાય છે :

(a) શાસ્ત્રીય ભાષાનો વ્યાપ વધે તે માટેના શિક્ષણ કેન્દ્રોની સ્થાપના અર્થે સરકાર તરફથી નાણાકીય સહાય આપવામાં આવે છે.

(b) કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શાસ્ત્રીય ભાષાઓનું શિક્ષણ મેળવી શાસ્ત્રીય ભાષાના વિદ્વાનો તૈયાર થાય તે માટે જરૂરી વ્યવસ્થા વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (University Grant Commission) પૂરી કરી છે.

(c) શિક્ષણ મંત્રાલય દ્વારા મળતા શાસ્ત્રીય ભાષા અંગેના તમામ લાભો મળશે.

## આઈકોન ઓફ ધ સીઝ : વિશ્વનું સૌથી મોટું ક્રુઝ શિપ

વિશ્વનું સૌથી મોટું ક્રુઝ શિપ '<u>આઈકોન ઓફ ધ સીઝ</u>' તેમના પ્રથમ પ્રવાસે નિકળ્યું છે.

- તે <u>દક્ષિણ ફ્લોરિડા</u>ના <u>મિયામી બંદરથી</u> સાત દિવસની દ્વિપ યાત્રાએ રવાના થયું હતું.

## આઈકોન ઓફ ધ સીઝ



આઈકોન ઓફ ધ સીઝ રોયલ કેરેબિયનની માલિકીનું જહાજ છે.

- રોયલ કેરેબિયન ગ્રુપના આ જહાજની તુલના લોકો આઈકોનિક જહાજ ટાઈટેનિક સાથે કરી રહ્યા છે.
- આ જહાજ 365 મીટર લાંબુ (1200 ફૂટ) છે.
- આઈકોન ઓફ ધ સી જહાજને 20 ડેક પર આઠ ભાગોમાં વહેંચવામાં આવ્યું છે.
- આ જહાજમાં ફૂડ માટે 40 થી વધુ રેસ્ટોરન્ટ, 6 વોટરસ્લાઈડ્સ, 7 સ્વિમિંગ પૂલ, એક આઈસ–સ્કેટિંગ રિંગ અને એક થિયેટરનો સમાવેશ થાય છે. તથા વોટર પાર્ક પણ છે.
- આ જહાજ 2,350 ક્રૂ સભ્યો સાથે વધુમાં વધુ 7,600 મુસાફરોને લઈ જઈ શકે છે.

## બિહારના મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિશ કુમારના રેકોર્ડ નવમી વખત શપથ

જનતા દળ યુનાઈટેડના નેતા શ્રી નીતિશ કુમારે તાજેતરમાં નવમી વાર બિહારના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

- આ ઉપરાંત શ્રી વિજય કુમાર સિંહા અને શ્રી સમ્રાટ ચૌધરીએ નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.

## શા માટે નીતિશ કુમાર ફરી મુખ્યમંત્રી બન્યા ?

વર્ષ 2020માં બિહાર વિધાનસભાની ચૂંટણી બાદ BJP, JD(U) અને અન્ય પક્ષોના ગઠબંધનવાળી NDA (National Democratic Alliance)ની નવી સરકારની રચના થઈ હતી.

- જે અંતર્ગત જનતાદળ યુનાઈટેડ (JD(U))ના નેતા શ્રી નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.
- ત્યારબાદ ઓગસ્ટ, 2022માં શ્રી નીતિશ કુમારે ભાજપ સાથે જોડાણ તોડી નાખ્યું હતું.
- અને NDAમાંથી તેમની પાર્ટી પાછી ખેંચી રાજીનામું આપ્યું હતું.
- ત્યારબાદ તેમણે જાહેરાત કરી હતી કે તેમનો પક્ષ ફરીથી મહાગઠબંધનમાં જોડાયો છે, જેમાં RJD, INC અને CPI તથા અન્ય અપક્ષોનો સમાવેશ થતો હતો.
- આ ગઠબંધનવાળી સરકારના મુખ્યમંત્રી તરીકે 10 ઓગસ્ટ, 2022ના રોજ નીતિશ કુમારે શપથ લીધા હતા.

- ત્યારબાદ ફરી 28 જાન્યુઆરી, 2024ના રોજ નીતિશ કુમારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તથા RJD અને કોંગ્રેસ સાથે જોડાણ તોડી નાખ્યું હતું.
- ત્યારબાદ તેઓ ભાજપની આગેવાની હેઠળના NDA ગઠબંધનમાં ફરી જોડાયા હતા. અને નવમી વખત મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.




નોંધ: (1) ઓક્ટોબર–નવેમ્બર, 2020 દરમિયાન બિહારમાં 17મી વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

(2) બિહારના વર્તમાન રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર આર્લેકર છે.

(3) બિહાર વિધાનસભામાં કુલ 243 બેઠકો આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં નીચેના પૈકી કઈ ભાષાને 'શાસ્ત્રીય ભાષા'માં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો હતો ?

(A) ઉર્દુ (B) ફારસી (C) આસામી (D) રાજસ્થાની (B)

2. ભારતની પ્રથમ શાસ્ત્રીય ભાષા તરીકે 'તમિલ ભાષા'ને કયા વર્ષે માન્યતા મળી હતી ?

(A) 2004 (B) 2005 (C) 2007 (D) 2008 (A)

3. નીચેનામાંથી કઈ ભાષાનો ભારતની શાસ્ત્રીય ભાષાઓમાં સમાવેશ થતો નથી ?

(A) તમિલ (B) સંસ્કૃત (C) કન્નડ (D) હિન્દી (D)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'આઈકોન ઓફ ધ સીઝ' શું છે ?

(A) ભારતીય નૌકાદળનું જહાજ

(B) ચીનનું સમુદ્રમાં સંશોધન માટેનું જહાજ

(C) રોયલ કેરેબિયન ગ્રુપનું ક્રુઝ શિપ

(D) AUKUS ગ્રુપની નવી સબમરીન (C)

5. તાજેતરમાં શ્રી નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે કેટલામી વખત શપથ લીધા છે ?

(A) ત્રીજી (B) પાંચમી (C) સાતમી (D) નવમી (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 30 જાન્યુઆરી, (1) શહીદ દિન (મહાત્મા ગાંધી પૂણ્યતિથિ) (2) રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

### રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન



ભારતમાં દર વર્ષે 30 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિવસ' (રક્તપિત નિવારણ દિવસ) તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1955માં સરકારે રાષ્ટ્રીય રક્તપિત નિયંત્રણ કાર્યક્રમ શરૂ કર્યો હતો. જેને વર્ષ 1982માં 'રાષ્ટ્રીય રક્તપિત નાબૂદી કાર્યક્રમ' (રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિવસ) નામ આપવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભારતમાંથી રક્તપિત નાબૂદ કરવાનો છે.
- રક્તપિત્ત એક ચેપી રોગ છે જે મુખ્યત્વે માઈક્રોબેક્ટેરિયમ લીપ્રાય (Mycobacterium liprae) દ્વારા થાય છે.
- રોગના લક્ષણો ચેપ પછી સરેરાશ પાંચ વર્ષના લાંબા ગાળા પછી જોવા મળે છે કારણ કે માઈક્રોબેક્ટેરિયમ લીપ્રાય ધીરે–ધીરે વધે છે. જે મુખ્યત્વે ત્વચા, શ્વસન અંગો, આંખો અને શરીરના અન્ય ભાગોને અસર કરે છે.
- આ રોગના કેસની વહેલી જાણકારી અને ઉપચાર એ રક્તપિત્ત નાબૂદીની ચાવી છે, કારણ કે રક્તપિત્ત દર્દીઓની વહેલી તપાસ ચેપના સ્ત્રોતોને ઘટાડશે અને રોગના સંક્રમણને પણ અટકાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ની 44મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહએ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે 5મી આંતરરાષ્ટ્રીય અને 44મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સને સંબોધિત કરી હતી.



- આ કોન્ફરન્સ ફોરેન્સિક બિહેવિયરલ સાયન્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ગુના નિવારણમાં બિહેવિયરલ સાયન્સની ભૂમિકા પર ભાર મૂકતા તેમણે ક્ષમતા નિર્માણ અને તપાસ માટે ડિજિટલ ફોરેન્સિક સાયન્સ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- અને એક મજબૂત વહીવટ અને ન્યાયતંત્રની સાથે તેના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

## નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની રચના ગુજરાત સરકાર દ્વારા 2008માં કરવામાં આવી હતી.

- તેની રચના 30 સપ્ટેમ્બર, 2008ના રોજ ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલ અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી.
- ત્યારબાદ તેને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં અપગ્રેડ કરવામાં આવી હતી.
- ઓક્ટોબર, 2020માં સંસદના અધિનિયમ દ્વારા તેને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હતી.
- તે એપ્રિલ, 2023માં આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી બની હતી, તેમણે યુગાન્ડામાં ભારતની બહાર યુનિવર્સિટીનું કેમ્પસ સ્થાપ્યું હતું.
- હાલમાં તે ભારતમાં 9 અને યુગાન્ડામાં 1 કેમ્પસ ધરાવે છે.
- તેના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) દેશ અને વિશ્વમાં ફોરેન્સિક નિષ્ણાતોની તીવ્ર અછતોને પૂર્ણ કરવી

(b) વિશ્વને રહેવા માટે વધુ સારું અને સલામત સ્થળ બનાવવું

(c) ફોરેન્સિક સાયન્સ, ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન, સિક્યોરિટી, બિહિવિયરલ સાયન્સ અને ક્રિમિનોલોજીના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરવા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફોરેન્સિક સાયન્સ શું છે ?

ફોરેન્સિક સાયન્સ એ ગુનાઓની તપાસ કરવા અથવા ન્યાયાલયમાં રજૂ થઈ શકે તેવા પુરાવાઓની તપાસ કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અથવા કુશળતાનો ઉપયોગ કરે છે.

- ફોરેન્સિક સાયન્સમાં ફિંગરપ્રિન્ટ અને DNA પૃથ્થકરણથી લઈને માનવશાસ્ત્ર અને વન્યજીવન ફોરેન્સિક્સ સુધીની વિવિધ શાખાઓનો સમાવેશ થાય છે.
- ફોરેન્સિક સાયન્સ એ ફોજદારી ન્યાય પ્રણાલીનું એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે.

**નોંધ :** (1) ભારતના પ્રથમ ફિંગરપ્રિન્ટ બ્યુરોની સ્થાપના 1897માં કોલકાતામાં કરવામાં આવી હતી. જે 1904માં કાર્યરત થઈ હતી.

(2) બાયો ટેક્નોલોજી વિભાગ હેઠળ હૈદરાબાદમાં DNA ફિંગરપ્રિન્ટિંગ એન્ડ ડાયગ્નોસ્ટિક્સ માટે અદ્યતન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી.

## કાઝિરંગા નેશનલ પાર્કમાં ગોલ્ડન ટાઈગર

તાજેતરમાં કાઝીરંગા નેશનલ પાર્ક (KNP)માં એક દુર્લભ સોનેરી વાઘ (ગોલ્ડન ટાઈગર) જોવા મળ્યો હતો.




- ગોલ્ડન ટાઈગરને ગોલ્ડન ટેબી ટાઈગર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે સફેદ અને કાળા વાઘની જેમ અલગ પેટાજાતિ નથી, પરંતુ માત્ર એક દુર્લભ રંગ પ્રકાર છે.
- તેઓ સામાન્ય રીતે જંગલ અને કેદમાં પણ દુર્લભ હોય છે.
- કાઝિરંગા નેશનલ પાર્કમાં દેખાતો સોનેરી વાઘ એ બંગાળના વાઘનો એક દુર્લભ રંગ પ્રકાર છે જે 'વાઈડબેન્ડ' નામના અપ્રભાવી જનીનના કારણે થાય છે.
- વાઈબેન્ડ જનીન વાળના વિકાસ ચક્ર દરમિયાન મેલાનિનનું ઉત્પાદન ઘટાડે છે.

**નોંધ :** (1) કાઝીરંગા નેશનલ પાર્ક એ આસામ રાજ્યના ગોલાઘાટ અને નાગાંવ જિલ્લામાં આવેલું છે.
(2) તે 2200 થી વધુ ભારતીય એક શિંગડાવાળા ગેંડાઓનું નિવાસ સ્થાન છે, જે તેમની સમગ્ર વિશ્વની વસતીના લગભગ 2/3 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના' શરૂ કરી છે, જે એક નવીન સરકારી પહેલ છે.



- આ યોજના અંતર્ગત દેશના એક કરોડ ઘરોની છત પર સોલાર પાવર સિસ્ટમ અથવા રૂફટોપ સોલાર પેનલ્સ સ્થાપિત કરવાનો છે.
- પ્રધાનમંત્રી સૂર્યોદય યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઓછી અને મધ્યમ આવક ધરાવતા વ્યક્તિઓને સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશન દ્વારા વીજળી પૂરી પાડવાની સાથે વધારાની વીજળી ઉત્પાદન માટે વધારાની આવક પ્રદાન કરવાનો છે.

### રૂફટોપ સોલાર પેનલ શું છે ?

રૂફટોપ સોલાર એ ફોટોવોલ્ટેઈક સિસ્ટમ છે જેમાં વીજળી ઉત્પન કરતી સોલાર પેનલ્સના રહેણાંક અથવા વ્યાપારી ઈમારત અથવા માળખાની છત પર લગાવવામાં આવે છે.

- તે ગ્રીડ સાથે જોડાયેલ પાવર વપરાશ ઘટાડે છે અને ગ્રાહક માટે વીજળીનો ખર્ચ બચાવે છે.



- રૂફટોપ સોલાર પ્લાન્ટ્સમાંથી ઉત્પન્ન થતા વધારાના સોલાર પાવર યુનિટને મીટરિંગ જોગવાઈઓ અનુસાર ગ્રીડમાં નિકાસ કરી શકાય છે.
- ઉપભોક્તા પ્રવર્તમાન નિયમો અનુસાર વધારાની નિકાસ માટે નાણાકીય લાભ મેળવી શકે છે.
- નોંધનીય છે કે સરકારે <u>2022 સુધીમાં</u> <u>40,000 મેગાવોટ (MW)</u> અથવા <u>40 ગીગાવોટ (GW)</u>ની સંચિત સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાના લક્ષ્ય સાથે <u>2014માં રૂફટોપ સોલાર</u> પ્રોગ્રામ ચાલું કર્યો હતો.
- જોકે આ લક્ષ્યાંક હાંસલ કરી શકાયો નથી, પરીણામે સરકારે સમયમર્યાદા <u>2022થી વધારી</u>ને <u>2026</u> કરી છે.
- કેટલાક અહેવાલો અનુસાર પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના <u>40 GW</u> <u>રૂફટોપ સોલાર ક્ષમતાના લક્ષ્ય</u> સુધી પહોંચવામાં મદદ કરવા માટેનો એક મોટો પ્રયાસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) <u>ડિસેમ્બર, 2023</u> સુધીમાં રૂફટોપ સોલાર સિસ્ટમની કુલ ક્ષમતા આશરે <u>11.08 GW</u> છે.
(2) <u>ગુજરાત 2.8 GW</u> સાથે યાદીમાં ટોચ પર છે અને ત્યારબાદ <u>મહારાષ્ટ્ર 1.7 GW</u>ની ક્ષમતા સાથે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'શહીદ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જાન્યુઆરી (B) 29 જાન્યુઆરી (C) 30 જાન્યુઆરી (D) 31 જાન્યુઆરી **(C)**

2. ભારતમાં કોની પુણ્યતિથિ 'શહિદ દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી વીર સાવરકર

(C) શ્રી સુભાષચંદ્ર બોઝ (D) શ્રી લાલા લજપતરાય **(A)**

3. ભારતમાં 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી (C) 31 જાન્યુઆરી (D) 1 ફેબ્રુઆરી **(B)**

4. તાજેતરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ની 44મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ કયાં યોજાઈ હતી ?

(A) જયપુર (B) ગાંધીનગર (C) લખનૌ (D) ઈન્દોર **(B)**

5. તાજેતરમાં કાઝિરંગા નેશનલ પાર્કમાં ગોલ્ડન ટાઈગર જોવા મળ્યો હતો. આ નેશનલ પાર્ક કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) છત્તીસગઢ (D) આસામ **(D)**

6. તાજેતરમાં ભારત સરકારે જાહેર કરેલી કઈ યોજનાનો ધ્યેય દેશના એક કરોડ ઘરોની છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાનો છે ?

(A) પ્રધાનમંત્રી જન ધન યોજના (B) પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના

(C) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (D) આયુષ્માન ભારત યોજના **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ભારત-ફ્રાન્સ સંબંધો (India-France Relations)



તાજેતરમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેક્રોન પ્રજાસત્તાક દિવસના પ્રસંગે ભારતની મુલાકાતે આવ્યા હતા.

- આ મુલાકાત દરમિયાન ભારત–ફ્રાન્સની સંયુક્ત સંરક્ષણ કવાયતની વધતી જતી 'તીવ્રતા અને પારસ્પરિકતા' પર સંતોષ વ્યક્ત કરીને દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી.

## દ્વિપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

ભારત–ફ્રાન્સ દ્વિપક્ષીય બેઠક સંબંધિત મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

### ઈન્ડો-પેસિફિક ભાગીદારી

બંને પક્ષોએ તેમના સાર્વભૌમ અને વ્યૂહાત્મક હિતો માટે ઈન્ડો–પેસિફિક ક્ષેત્રના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

- તેઓએ તેના સહિયારા વિઝનના આધારે ઈન્ડો–પેસિફિક પ્રદેશમાં તેમની લાંબાગાળાની ભાગીદારીને વધારવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.
- અને આ પ્રદેશમાં તેમની વધતી જતી જોડાણની પ્રકૃતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

### સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારી

ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં તેમના સહયોગના પાયાના પથ્થર તરીકે પ્રકાશિત કરવામાં આવી છે.

- આ ભાગીદારીમાં દ્વિપક્ષીય, બહુરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સંસ્થાકીય પહેલની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે, ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં.

### દક્ષિણ-પશ્ચિમ હિંદ મહાસાગરમાં સહકાર

બંને દેશો 2020 અને 2022માં ફ્રેન્ચ ટાપુ લા રિયુનિયનથી સંચાલિત સંયુક્ત મોનિટરિંગ મિશનને વિસ્તૃત કરીને દક્ષિણ–પશ્ચિમ હિંદ મહાસાગરમાં સહયોગ વધારવા સંમત થયા હતા.

- આ સહકાર સંદેશાવ્યવહારના વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોની સુરક્ષામાં સકારાત્મક યોગદાન આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્થિક વિકાસ અને જોડાણ

બંને દેશોએ આ ક્ષેત્રમાં ટકાઉ આર્થિક વૃદ્ધિ, માનવ સુખાકારી, પર્યાવરણીય ટકાઉપણું, સ્થિતિસ્થાપક માળખાકીય સુવિધા, નવીનતા અને ટેકો આપવા માટે સંયુક્ત અને બહુપક્ષીય પહેલના મહત્ત્વને માન્યતા આપી હતી.

- તેમણે ગ્રીન ટેક્નોલોજીના સ્કેલિંગને સરળ બનાવવા માટે ઈન્ડો–પેસિફિક ત્રિપક્ષીય વિકાસ સહકારના ફંડના પ્રારંભિક પ્રારંભની દરખાસ્ત કરી હતી.

## ત્રિપક્ષીય સહકાર

બંને દેશો ઓસ્ટ્રેલિયા સાથે ત્રિપક્ષીય સહકાર પુનઃપ્રારંભ કરવા, સંયુક્ત આરબ અમિરાત (UAE) સાથે સહકારને વધુ ગાઢ બનાવવા અને સંબંધિત ક્ષેત્રોમાં નવી ત્રિપક્ષીય ભાગીદારી શોધવા માટે પ્રતિબદ્ધ છે.

- જૂન 2023માં ભારત, ફ્રાન્સ અને UAEની પ્રથમ આવૃત્તિ ઓમાનના અખાતમાં દરિયાઈ ભાગીદારી કવાયત યોજાઈ હતી.

## IMEC

બંને દેશોએ ભારત–મધ્ય પૂર્વ યુરોપ કોરિડોર (IMEC)ના લોન્ચની નોંધ લીધી હતી.

- અને સંમત થયા હતા કે તે ભારત, મધ્ય પૂર્વ અને યુરોપ વચ્ચે વાણિજ્ય અને ઊર્જા પ્રવાહની કાર્યક્ષમતા અને લવચીકતાને વધારવા માટે વ્યૂહાત્મક રીતે તેને વધારવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## ટાટા ગ્રુપ અને એરબસ કરાર

ટાટા ગ્રુપ અને એરબસે નાગરિક હેલિકોપ્ટરના વિકાસ અને ઉત્પાદન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- નોંધનીય છે કે ટાટા અને એરબસ પહેલેથી જ ગુજરાતમાં C-295 ટ્રાન્સપોર્ટ અને એરક્રાફ્ટ બનાવવા માટે સહયોગ કરી રહ્યા છે.
- આ ઔદ્યોગિક ભાગીદારીનો હેતુ નોંધપાત્ર સ્વદેશી અને સ્થાનિકીકરણ ઘટક સાથે H125 હેલિકોપ્ટરનું ઉત્પાદન કરવાનો છે.

## શક્તિ જેટ એન્જિન ડીલ

શક્તિ જેટ એન્જિન ડીલને લઈને ભારત અને સફરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

- આ વાટાઘાટો ભારતની ભાવી ફાઈટર જેટ જરૂરિયાતોને પહોંચી વળવા ઉત્પાદન ટેક્નોલોજીના સરળ ટ્રાન્સફર ઉપરાંત સ્પષ્ટિકરણો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્ય મુદ્દાઓ

બંને દેશોએ સ્ટ્રેટેજિક સ્પેસ ડાયલોગ શરૂ કર્યો, ડિફેન્સ સ્પેસ કોઓપરેશન પરના એ આશય પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા અને સેટેલાઈટ પ્રક્ષેપણ મિશન માટે ISROની ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) અને ફ્રાન્સની Arianespace વચ્ચે MoU પર હસ્તાક્ષર કર્યા હતા.

- ફ્રેન્ચ જેટ એન્જિન નિર્માતા CFM ઈન્ટરનેશનલે પણ 150 બોઈંગ ઓપન ન્યૂ ટેબ 737 મેક્સ પ્લેનને પાવર આપવા માટે તેના 300થી વધુ LEAP-1B એન્જિન ખરીદવા માટે ભારતના અકાસા એર સાથે સોદાની જાહેરાત કરી હતી.
- બંને દેશોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
- અને સુધારા તથા અસરકારક બહુપક્ષીયવાદની હાકલ કરી હતી.
- ફ્રાન્સે ફરીથી UNSCમાં ભારતના કાયમી સભ્યપદ માટે પોતાનું સમર્થન વ્યક્ત કર્યુ હતું.

નોંધ : (1) ફ્રાન્સનું પાટનગર અને સૌથી મોટું શહેર પેરિસ છે.
(2) ભારત અને ફ્રાન્સ લાંબા સમયથી સાંસ્કૃતિક, વેપાર અને આર્થિક જોડાણો ધરાવે છે.

## આધાર એ નાગરિકતાનો પુરાવો નથી

ભારત સરકારે તાજેતરમાં ભારપૂર્વક જણાવ્યું છે કે આધાર એ નાગરિકતા અથવા જન્મ તારીખ (Date of Birth)નો પુરાવો નથી.



- નવા આધાર કાર્ડ અને ઓળખના દસ્તાવેજોના PDF સંસ્કરણોમાં વધુ સ્પષ્ટ અને અગ્રણી અસ્વીકરણ શામેલ કરવાનું શરૂ થયું છે કે આ 'ઓળખનો પુરાવો છે, નાગરિકતા અથવા જન્મ તારીખનો નહીં'.
- તથા સરકારી વિભાગો અને અન્ય સંસ્થાઓને આ હેતુઓ માટે તેનો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવી છે.
- EPFO (કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન)એ જાન્યુઆરી 2024માં જન્મતારીખના પુરાવા તરીકે સ્વીકાર્ય દસ્તાવેજોની યાદીમાંથી આધારને હટાવતો પરિપત્ર બહાર પાડ્યો હતો.
- મહારાષ્ટ્ર રાજ્ય વિ. UIDAI કેસ 2022માં બોમ્બે હાઈકોર્ટે ઓળખ દસ્તાવેજ તરીકે આધારના અવકાશ અને મર્યાદાઓને સ્પષ્ટ કરી છે.
- આ કેસમાં કોર્ટે કહ્યું કે આધાર માત્ર ઓળખ અને રહેઠાણનો પુરાવો છે, નાગરિકતા કે જન્મ તારીખનો નહીં.

**નોંધ :** (1) આધાર એ ભારત સરકાર વતી યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા જારી કરાયેલ 12-અંકનો વ્યક્તિગત ઓળખ નંબર છે.


(2) આ નંબર ભારતમાં ગમે ત્યાં ઓળખ અને સરનામાના પુરાવા તરીકે કામ કરે છે. તથા તે વસતી વિષયક અને બાયોમેટ્રિક માહિતીના આધારે વ્યક્તિની ઓળખ સ્થાપિત કરે છે.

## 2024 ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ માટે માસ્કોટની જાહેરાત




2024ની ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સના માસ્કોટ અને લોગોનું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું.

- આ પ્રદેશની જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને 'શીન–એ શી' અથવા શાન નામના હિમ ચિત્તાને સત્તાવાર માસ્કોટ જાહેર કરવામાં આવ્યો છે.
- આ લાગો ભારતીય ત્રિરંગા અને લદ્દાખના પ્રતીકોને એકીકૃત કરે છે.
- ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ, 2024 બે તબક્કામાં યોજાશે.
- પ્રથમ તબક્કો લદ્દાખમાં 2 થી 6 ફેબ્રુઆરી દરમિયાન અને ત્યારબાદ બીજો તબક્કો જમ્મુ કાશ્મીરના ગુલમાર્ગમાં 21-25 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘ભારત–ફ્રાન્સ સંબંધો’ (India-France Relations) વિશે નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

   1. તાજેતરમાં ભારતના ટાટા ગ્રુપ અને ફ્રાન્સના એરબસે નાગરિક હેલિકોપ્ટરના વિકાસ અને ઉત્પાદન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
   2. બંને દેશો 2020 અને 2022માં ફ્રેન્ચ ટાપુ લા રિયુનિયનથી સંચાલિત સંયુક્ત મોનિટરિંગ મિશનને વિસ્તૃત કરીને દક્ષિણ–પશ્ચિમ હિંદ મહાસાગરમાં સહયોગ વધારવા સંમત થયા હતા.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
   (C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘આધાર’ (AADHAAR) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   (A) તે ભારત સરકાર વતી યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવે છે.
   (B) તે 12 અંકોનો વ્યક્તિગત ઓળખ નંબર છે.
   (C) (A) અને (B) બંને સાચા
   (D) (A) અને (B) બંને ખોટા **(C)**

3. તાજેતરમાં 2024ની ‘ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ’ના માસ્કોટ તરીકે ‘શીન–એ–શી’ની જાહેરાત કરવામાં આવી છે. તે શું છે ?

   (A) લદ્દાખનું મ્યુઝિયમ (B) હિમ ચિત્તો (C) યાક (D) પર્વતમાળા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 ફેબ્રુઆરી, ભારતીય કોસ્ટગાર્ડ સ્થાપના દિવસ

ભારતમાં દર વર્ષે 1 ફેબ્રુઆરીના રોજ 'ભારતીય કોસ્ટ ગાર્ડ' દિવસની ઉજવણી કરવામાં આવે છે.




- 'ભારતીય કોસ્ટ ગાર્ડ'નું ગઠન 1 ફેબ્રુઆરી, 1977ના રોજ થયું હતું.
- ભારતીય સૈન્યદળ હવા, પાણી અને જમીનની તથા દેશની સુરક્ષા માટે હંમેશા તત્પર રહે છે. આ સાથે ભારતીય કોસ્ટગાર્ડનું યોગદાન પણ ખૂબ મહત્ત્વનું છે. જે ભારતીય તટની સુરક્ષા માટે ચોવીસ કલાક જાગૃત રહે છે.
- ભારતીય કોસ્ટ ગાર્ડ 'સંરક્ષણ મંત્રાલય' હેઠળ કાર્ય કરે છે.
- ભારતીય કોસ્ટ ગાર્ડની 'રૂસ્તમજી સમિતિ'ની ભલામણ પર સ્થાપના કરવામાં આવી હતી.
- સમુદ્ર કિનારાની રક્ષા અને સુરક્ષા માટે કોસ્ટગાર્ડ જવાબદાર છે જ્યારે સમુદ્ર કિનારાની સામે એટલે કે સમુદ્રની રક્ષા નૌસેના કરે છે.
- કોસ્ટગાર્ડ સરહદથી થતી દાણચોરી અને ગેરકાયદે થતી ઘૂસણખોરીને અટકાવે છે.

**નોંધ :** ભારતીય કોસ્ટગાર્ડ દિવસ 1 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે. જ્યારે રાષ્ટ્રીય નૌસેના દિવસ 4 ડિસેમ્બરના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX...

## ભારતે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદી માટે 'ભારતના મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ'ને નામાંકિત કર્યું



ભારતે વર્ષ 2024-25 દરમિયાન યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO)ની વર્લ્ડ હેરિટેજ માન્યતા માટે 'મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ' (મરાઠા સૈન્ય પરિદૃશ્ય)ને નોમિનેટ કર્યું છે.

- આ નામાંકનમાં 12 ઘટકોનો સમાવેશ થાય છે, જે વિવિધ ક્ષેત્રોમાં મરાઠા શાસનની વ્યૂહાત્મક લશ્કરી શક્તિ દર્શાવે છે.

## મરાઠા સૈન્ય પરિદ્દશ્ય શું છે ?

'મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ' એ 12 કિલ્લાઓ અને કિલ્લેબંધીઓનું જૂથ છે, જે 17 થી 19મી સદીમાં મરાઠા શાસકોની અસાધારણ લશ્કરી વ્યવસ્થા અને વ્યૂહરચનાનું પ્રતિનિધિત્વ કરે છે.

- આ નોમિનેશનમાં બાર ઘટક ભાગો છે તે નીચે મુજબ છે :

  **મહારાષ્ટ્રમાં સાલ્હેર કિલ્લો, શિવનેરી કિલ્લો, લોહાગઢ, ખંડેરી કિલ્લો, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા કિલ્લો, વિજય દુર્ગ, સિંધુદુર્ગ અને તમિલનાડુમાં જિંજી કિલ્લો.**
- ભારતના મરાઠા લશ્કરી લેન્ડસ્કેપને વર્ષ 2021માં વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.
- મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ એ મહારાષ્ટ્રનું છઠ્ઠું સાંસ્કૃતિક વારસાનું સ્થળ છે જેને વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સમાવેશ માટે નામાંકિત કરવામાં આવ્યું છે.
- મહારાષ્ટ્રમાં 390થી વધુ કિલ્લાઓ છે જેમાંથી માત્ર 12 કિલ્લાઓ ભારતના મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ હેઠળ પસંદ કરવામાં આવ્યા છે, તેમાંથી 8 કિલ્લા ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા સુરક્ષિત છે.
- ભારતના મરાઠા લશ્કરી લેન્ડસ્કેપમાં સાલ્હેર કિલ્લો, શિવનેરી કિલ્લો, લોહાગઢ, રાયગઢ, રાજગઢ અને જિંજી કિલ્લો પહાડી કિલ્લાઓ છે.
- પ્રતાપગઢ એ એક પહાડી–જંગલનો કિલ્લો છે, તથા પન્હાલા એક પહાડી–પઠાર કિલ્લો છે.
- જ્યારે વિજયદુર્ગ દરિયાકાંઠાનો કિલ્લો છે તથા સુવર્ણદુર્ગ અને સિંધુદુર્ગ એક ટાપુ કિલ્લો છે.
- આ સ્થળો 17મી અને 19મી સદી વચ્ચે મરાઠા સામ્રાજ્યની વ્યૂહાત્મક લશ્કરી ક્ષમતાઓનું નિદર્શન કરે છે.

**નોંધ :** (1) ભારતમાં હાલમાં 42 વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ છે.
(2) વર્લ્ડ હેરિટેજ લિસ્ટ એ એવા સ્થળોની યાદી છે જે માનવતા અને પ્રકૃતિ માટે ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્ય ધરાવે છે, જે UNESCO દ્વારા નિર્ધારિત છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Corruption Perception Index 2023માં ભારત 93માં ક્રમે




તાજેતરમાં ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલ દ્વારા 'કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ 2023' (CPI) બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ અથવા ઈન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના દેશોએ જાહેર ક્ષેત્રના ભ્રષ્ટાચારને નાથવામાં અથવા નાબૂદ કરવામાં બહુ ઓછી અથવા કોઈ પ્રગતિ કરી નથી.

- આ ઈન્ડેક્સમાં ભ્રષ્ટાચારના મામલે વિશ્વના 180 દેશોમાં ભારતનો ક્રમ 93મો છે.
- વર્ષ 2023માં ભારતનો એકંદર સ્કોર 39 હતો, જે 2022માં 40થી થોડો ઘટાડો થયો હતો.
- આ અગાઉ વર્ષ 2022માં ભારત 85માં ક્રમે હતું.
- વર્ષ 2023ના પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર વિશ્વના 180 દેશોમાંથી સૌથી ઓછો ભ્રષ્ટાચાર ડેનમાર્ક, ફિનલેન્ડ અને ન્યુઝિલેન્ડમાં છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમાંકે ડેનમાર્ક, બીજા ક્રમાંકે ફિનલેન્ડ અને ત્રીજા ક્રમાંકે ન્યુઝિલેન્ડ છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં સોમાલિયા અંતિમ 180માં ક્રમે છે. એટલે કે સૌથી વધુ ભ્રષ્ટાચાર સોમાલિયામાં છે.

## Corruption Perception Index 2023 Rank

| Rank | Countries | Score (100 માંથી) |
|---|---|---|
| 1 | ડેનમાર્ક | 90 |
| 2 | ફિનલેન્ડ | 87 |
| 3 | ન્યુઝિલેન્ડ | 85 |
| 4 | નોર્વે | 84 |
| 5 | સિંગાપોર | 83 |
| 6 | સ્વીડન | 82 |
| | સ્વિત્ઝર્લેન્ડ | 82 |
| 93 | ભારત | 39 |
| | કઝાકિસ્તાન | 39 |
| | લેસથો | 39 |
| | માલદીવ | 39 |
| 177 | દક્ષિણ સુદાન | 13 |
| | સિરિયા | 13 |
| | વેનેઝુએલા | 13 |
| 180 | સોમાલિયા | 11 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) આ ઈન્ડેક્સ હેઠળ કુલ 180 દેશોને તેમની જાહેર સિસ્ટમમાં હાજર ભ્રષ્ટાચારના કથિત સ્તર પર નિષ્ણાતો અને ઉદ્યોગપતિઓ દ્વારા આપવામાં આવેલા રેટિંગ અનુસાર રેન્કિંગ આપવામાં આવે છે.

(2) તે 13 સ્વતંત્ર ડેટા સ્ત્રોતો પર આધાર રાખે છે અને 0 થી 100 સુધીની લેવલ પેટર્નનો ઉપયોગ કરે છે, જ્યાં 0 સૌથી વધુ ભ્રષ્ટાચારનું પ્રતિનિધિત્વ કરે છે અને 100 સૌથી ઓછા ભ્રષ્ટાચારનું પ્રતિનિધિત્વ કરે છે.

(3) આ ઈન્ડેક્સમાં 180 દેશોમાંથી પાકિસ્તાન 133માં ક્રમે અને શ્રીલંકા 115માં ક્રમે છે.

(4) બાંગ્લાદેશ (149માં ક્રમે) સૌથી ઓછા વિકસિત દેશ (LDC)ના દરજ્જામાંથી બહાર આવ્યું છે. જેમાં આર્થિક વૃદ્ધિ, ગરીબીમાં સતત ઘટાડો અને જીવનશૈલીમાં સુધારો કરવાને ટેકો આપે છે.

(5) ચીન આ ઈન્ડેક્સમાં 76માં ક્રમે છે.

## ભારતમાં હિમ ચિત્તાની સ્થિતિ અંગેનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો



નવી દિલ્હીમાં યોજાયેલી નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની બેઠક દરમિયાન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા 'ભારતમાં હિમ ચિત્તાની સ્થિતિનો રિપોર્ટ' (Status Report of Snow Leopards in India) બહાર પાડવામાં આવ્યો હતો.

- Snow Leopard Population Assessment in India (SPAI) દ્વારા આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.
- જે ભારતમાં હિમ ચિત્તાની વસતી અંગે નિર્ણાયક આંતરદષ્ટિ પ્રદાન કરવા માટે એક અગ્રણી વૈજ્ઞાનિક કવાયત છે.
- 2019-2023 સુધીમાં તેમના સંભવિત વસવાટના 70% કરતા વધુને આવરી લેતા પદ્ધતિસરના સર્વેક્ષણના આધારે ભારતમાં 718 હિમ ચિત્તાનો અંદાજ કાઢવામાં આવ્યો છે.
- અહેવાલમાં વિવિધ રાજ્યોમાં હિમ ચિત્તાઓની અંદાજિત સંખ્યાની વિગતો આપવામાં આવી છે. જે આ મુજબ છે :

લદ્દાખ (477), ઉત્તરાખંડ (124), હિમાચલ પ્રદેશ (51), અરૂણાચલ પ્રદેશ (36), સિક્કિમ (21) અને જમ્મુ અને કાશ્મીર (9).

**નોંધ :** (1) નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) એ વન્યજીવ સંબંધિત તમામ મુદ્દાઓની સમીક્ષા કરવા અને રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોમાં તથા તેની આસપાસના પ્રોજેક્ટ્સને મંજૂરી આપતી સર્વોચ્ચ સંસ્થા છે.

(2) તે વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, 1972ની કલમ 5A હેઠળ રચાયેલી એક વૈધાનિક સંસ્થા છે.

## સદા તનસીક કવાયત : ભારત-સાઉદી અરેબિયા



ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત 'સદા તનસીક' (SADA TANSEEQ)ની પ્રારંભિક આવૃત્તિ રાજસ્થાનના મહાજનમાં યોજાઈ હતી.

- રોયલ સાઉદી લેન્ડ ફોર્સીસ અને ઈન્ડિયન આર્મી, બંનેએ 45-45 કર્મચારીઓ સાથે કવાયતમાં સક્રિયપણે ભાગ લીધો હતો.
- આ કવાયતનો પ્રાથમિક ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ અર્ધ–રણ વિસ્તારોમાં સંયુક્ત કામગીરી માટે બંને દેશોના સૈનિકને તાલીમ આપવાનો છે.
- કવાયતની મુખ્ય પ્રવૃત્તિઓમાં મોબાઈલ વાહન ચેકપોસ્ટની સ્થાપના, કોર્ડન અને સર્ચ ઓપરેશન, હાઉસ ઈન્ટરવેન્શન ડ્રીલ, રિફ્લેક્સ શૂટિંગ, સ્લિથરિંગ અને સ્નાઈપર ફાયરિંગનો સમાવેશ થાય છે.
- આ કવાયત સામાન્ય સુરક્ષા ઉદ્દેશ્યોને હાંસલ કરવા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતીય કોસ્ટગાર્ડ સ્થાપના દિવસ નીચેના પૈકી કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ફેબ્રુઆરી (A)

2. તાજેતરમાં ભારતે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદી માટે 'ભારતના મરાઠા મિલિટરી લેન્ડસ્કેપ્સ'ને નામાંકિત કર્યુ છે, આ નામાંકનમાં મરાઠા મિલિટરી લેન્ડસ્કેપના કેટલા કિલ્લાઓનો સમાવેશ થાય છે ?

(A) 8 (B) 12 (C) 18 (D) 33 (B)

3. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Corruption Perception Index 2023'માં ભારત કયા ક્રમે છે ?

(A) 82 (B) 87 (C) 89 (D) 93 (D)

4. 'Corruption Perception Index 2023'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ? (સૌથી ઓછું ભ્રષ્ટાચાર)

(A) ડેનમાર્ક (B) સ્વિત્ઝર્લેન્ડ (C) સિંગાપોર (D) નોર્વે (A)

5. 'Corruption Perception Index 2023'માં અંતિમ 180માં ક્રમે કયો દેશ છે ?

(A) સીરિયા (B) દક્ષિણ સુદાન (C) દક્ષિણ કોરિયા (D) સોમાલિયા (D)

6. તાજેતરમાં ભારતમાં હિમ ચિત્તાની સ્થિતિ અંગેનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે—આ રિપોર્ટ અનુસાર ભારતમાં કેટલા હિમ ચિત્તાનો અંદાજ કાઢવામાં આવ્યો છે ?

(A) 718 (B) 520 (C) 421 (D) 347 (A)

7. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'સદા તનસીક' (SADA TANSEEQ) નામની કવાયત યોજાઈ હતી ?


(A) કઝાકિસ્તાન (B) સાઉદી અરેબિયા (C) તુર્કિસ્તાન (D) કિર્ગિસ્તાન (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 02 ફેબ્રુઆરી, વિશ્વ આદ્રભૂમિ દિવસ (World Wetland Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ આદ્રભૂમિ દિવસ' (World Wetland Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ આદ્રભૂમિ એવો દલદલીય તથા પાણીવાળો ક્ષેત્ર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે, શાંત કે વહેતું પાણી, ખારું કે મીઠું પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી એવા જળજમાવ ક્ષેત્રની ઊંડાઈ 6 મીટરથી વધારે ન હોય.



- આદ્રભૂમિ જીવજંતુ, કીટકો તથા વનસ્પતિની દૂર્લભ પ્રજાતિનું નિવાસ સ્થાન છે.
- આ ક્ષેત્ર પોષક તત્વોનું પુનઃનિર્માણ કરે છે તથા ઝેરીલા તત્વને નિષ્ક્રિય કરે છે આથી તેને પ્રકૃતિની કિડની પણ કહેવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ શકે તેવી આદ્રભૂમિના સંરક્ષણ તરફ ધ્યાન દોરવાનો છે.
- આ દિવસે વર્ષ 1971માં આદ્રભૂમિના સંરક્ષણ માટે ઈરાનમાં એક બહુપક્ષીય સમજૂતિ થઈ જેને રામસર સંમેલનના નામથી પણ ઓળખવામાં આવે છે. ભારત આ સંમેલનમાં વર્ષ 1982માં સમાવિષ્ટ થયું હતું.
- વર્ષ 2024ના વિશ્વ આદ્રૂભૂમિ દિવસની થીમ "Wetlands and Human Welbeing" છે.

## IEAએ 'Electricity 2024 Report' બહાર પાડ્યો



તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ તેના અહેવાલ 'ઈલેક્ટ્રીસીટી 2024' દ્વારા ભારતના ઊર્જા ભવિષ્યની મુખ્ય આંતરદષ્ટિની જાહેરાત કરી હતી.

- તે વ્યાપક વિશ્લેષણ 2026 સુધી ભારતના પાવર સેક્ટરને આકાર આપતા વલણોને હાઈલાઈટ કરે છે. જેમ કે કોલસાની સતત ભૂમિકા, પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોનો ઉદ્ભવ અને પરમાણુ શક્તિની આશાસ્પદ વૃદ્ધિ.

- આ રિપોર્ટના અંદાજો અનુસાર ભારતની વીજળીની માંગ ચીનને પાછળ છોડી દેશે અને 2026 સુધીમાં વિશ્વનો સૌથી ઝડપી વિકાસ દર નોંધાવશે.
- 2024-2026 દરમિયાન ભારતની વાર્ષિક સરેરાશ વીજળી માંગ વૃદ્ધિ 6.5% રહેવાનો અંદાજ છે.
- આ મજબૂત વિસ્તરણ સાથે આગામી ત્રણ વર્ષમાં ભારતની વધારાની વીજ માંગ યુકેની કુલ માંગની લગભગ બરાબર થઈ જશે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### કોલસા પર નિર્ભરતા

- એવો અંદાજ છે કે ભારત વર્ષ 2026 સુધીમાં વીજળીની માંગને પહોંચી વળવા કોલસા પર નિર્ભર રહેશે.
- 2023માં 74%ની અછત હોવા છતા 2026 સુધીમાં ભારતની 68% વીજળીની માંગ કોલસાથી ઉત્પન્ન થતી વીજળી દ્વારા પૂરી થવાની ધારણા છે.
- કોલસા આધારિત વીજ ઉત્પાદનમાં વાર્ષિક 2.5% (2024-2026) વૃદ્ધિની અપેક્ષા છે.
- 2070 સુધીમાં ભારતનું ચોખ્ખું–શૂન્ય લક્ષ્ય હોવા છતા, કોલસાનું પ્રભુત્વ રહેવાની ધારણા છે, જે 68%ની માંગને પહોંચી વળશે.

### નવીનીકરણીય સ્ત્રોતોમાંથી વીજળીનું ઉત્પાદન

રિન્યુએબલ એનર્જી (RE) ઉત્પાદન 2023માં વીજળી ઉત્પાદનમાં 21% હિસ્સા સાથે પ્રમાણમાં સ્થિર રહ્યું છે.

- હાઈડ્રોપાવર ઉત્પાદનમાં ઘટાડા દ્વારા સૌર અને પવનની વૃદ્ધિને મોટાભાગે સરભર કરવામાં આવી છે.
- 2023 દરમિયાન લગભગ 21 ગીગાવોટ (GW) નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ઉમેરવામાં આવી હતી, જેમાં 2023માં કુલ સ્થાપિત ક્ષમતાના લગભગ 44% જેટલો RE હિસ્સો ધરાવે છે.

### વીજળીની માંગની ગતિશીલતા

ઝડપી આર્થિક વૃદ્ધિ અને અવકાશ ઠંડકની વધતી જતી જરૂરિયાતોને કારણે 2023માં ભારતની વીજ માંગમાં 7%નો વધારો થવાની ધારણા છે.

- 2024 અને 2026 વચ્ચે વાર્ષિક સરેરાશ 6.5% વૃદ્ધિની અપેક્ષા છે.
- એવો અંદાજ છે કે 2026 સુધીમાં, ભારતની વીજળીની માંગ વિશ્વના સૌથી ઝડપી વૃદ્ધિ દર સાથે, ચીનની માંગ કરતા આગળ નિકળી જશે.

## વૈશ્વિક સરખામણીઓ અને ઉભરતી અર્થવ્યવસ્થાઓ

ચીનમાં અપેક્ષિત વૃદ્ધિનો સૌથી મોટો જથ્થો છે, ત્રણ વર્ષમાં ભારતની વીજ માંગ લગભગ યુનાઈટેડ કિંગ્ડમ જેટલી થવાની ધારણા છે.

- વિકસિત અર્થતંત્રોએ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો અને ઉચ્ચ ફુગાવો નોંધયો છે.
- નવી પાવર ક્ષમતાના લગભગ 85% ઉભરતી અર્થવ્યવસ્થાઓમાંથી આવવાની ધારણા છે, ખાસ કરીને દક્ષિણ એશિયામાં ચીન અને ભારત અગ્રણી છે.

## હાઈડ્રોપાવર પડકારો અને આદેશો

બદલાતી હવામાનની પેટર્નને કારણે વર્ષ 2023માં હાઈડ્રોપાવર ઉત્પાદનમાં 15%નો ઘટાડો થઈ શકે છે.

- અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સરકારે માર્ચ 2024 સુધીમાં આયાતી કોલસાના ઓછામાં ઓછા 6% સ્થાનિક કોલસા સાથે મિશ્રણ કરવાનું ફરજિયાત બનાવ્યું છે.

## વૈવિધ્યકરણના પ્રયાસો

પવન અને સૌર ઊર્જા ક્ષમતા વધારવા ઉપરાંત દેશોમાં મોટા હાઈડ્રો અને ન્યુક્લિયર એનર્જી પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવી રહ્યા છે.

## પરમાણુ ઊર્જા વૃદ્ધિ

વૈશ્વિક સ્તરે (2024-2026 વચ્ચે) નિર્માણધીન પરમાણુ પાવર પ્લાન્ટમાંથી અડધાથી વધુ ચીન અને ભારતમાં છે.

- IEAનો અંદાજ છે કે 2023ની સરખામણીમાં 2026માં વૈશ્વિક પરમાણુ ઊર્જા ઉત્પાદન લગભગ 10% વધશે.
- નોંધનીય છે કે ભારતે 2022માં તેની પરમાણુ ક્ષમતાને 2032 સુધીમાં ત્રણ ગણી કરવાની યોજનાની જાહેરાત કરી હતી.
- ભારતમાં હાલમાં 23 ઓપરેશનલ ન્યુક્લિયર રિએક્ટર છે જે દેશના કુલ વીજળી ઉત્પાદનમાં 2% ફાળો આપે છે.

## વૈશ્વિક પરમાણુ પરિદ્રશ્ય

વર્લ્ડ ન્યુક્લિયર એસોસિએશનના અંદાજ મુજબ, નવેમ્બર 2023 સુધીમાં 68 ગીગાવોટ પરમાણુ ક્ષમતા નિર્માણધીન છે, હાલમાં 9 ગીગાવોટનું આયોજન છે અને 353 ગીગાવોટ પ્રસ્તાવિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


- 2026 સુધીમાં <u>એશિયાની પરમાણુ ક્ષમતા</u> <u>ઉત્તર અમેરિકાની પરમાણુ ઊર્જા ક્ષમતા</u> કરતા વધી જવાનો અંદાજ છે અને કુલ વૈશ્વિક પરમાણુ ઉત્પાદનમાં તેનો હિસ્સો <u>30% સુધી</u> પહોંચી શકે છે.

**નોંધ :** (1) ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)નું મુખ્ય મથક <u>ફ્રાન્સના પેરિસ</u>માં છે.

(2) 1970ના દાયકાના મધ્યમાં તેલ સંકટનો સામનો કરવા માટે આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન (OECD)ના સભ્ય દેશો દ્વારા <u>વર્ષ 1974માં</u> એક સવાયત્ત એજન્સી તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.

(3) IEA મુખ્યત્વે ઊર્જા–સંબંધિત નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં <u>આર્થિક વિકાસ</u>, <u>ઊર્જા સુરક્ષા</u> અને <u>પર્યાવરણીય સંરક્ષણ</u>નો સમાવેશ થાય છે.

## ઉત્તરપ્રદેશે ફાઈલોરિયા નાબૂદી માટે મિશન શરૂ કર્યું



મુખ્યમંત્રી <u>શ્રી યોગી આદિત્યનાથ</u>ની હેઠળ <u>ઉત્તરપ્રદેશ સરકારે</u> રાજ્યમાંથી <u>ફાઈલેરિયા નાબૂદી</u> માટે એક મિશન શરૂ કર્યું છે.

- તેના ભાગરૂપે 5 થી 15 ફેબ્રુઆરી, 2024 દરમિયાન વાર્ષિક માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અભિયાન હાથ ધરશે.
- ફાઈલેરિયા એ <u>મચ્છરના કરડવાથી</u> ફેલાતા પરોપજીવી જંતુઓથી થતો રોગ છે. તેનાથી અંગો અને જનનાંગોમાં સોજો આવી શકે છે.
- ઉત્તરપ્રદેશ સરકારનું લક્ષ્ય <u>2027 સુધીમાં</u> દેશમાંથી આ રોગને ખતમ કરવાનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ આદ્રભૂમિ દિવસ' (World Wetland Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ફેબ્રુઆરી **(B)**

2. 'વિશ્વ આદ્રભૂમિ દિવસ, 2024'ની થીમ શું હતી ?

(A) Wetlands and Human Wellbeing

(B) Wetland Restoration

(C) Wetland Action for People and Nature

(D) Wetlands and Biodiversity **(A)**

3. તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ 'ઈલેક્ટ્રીસિટી 2024' નામનો અહેવાલ બહાર પાડ્યો હતો. આ અહેવાલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર એવો અંદાજ છે કે ભારત વર્ષ 2026 સુધીમાં વધતી વીજળીની માંગને પહોંચી વળવા કોલસા પર નિર્ભર રહેશે.
2. 2023માં 74%ની અછત હોવા છતા 2026 સુધીમાં ભારતની 68% વીજળીની માંગ કોલસાથી ઉત્પન્ન થતી વીજળી દ્વારા પૂરી થવાની ધારણા છે.
3. આ રિપોર્ટ અનુસાર આરબ દેશોમાં 2024 થી 2029 વચ્ચે વીજ માંગમાં 41%નો વધારો થવાની ધારણા છે.
4. 2024-2026 દરમિયાન ભારતની વાર્ષિક સરેરાશ વીજળી માંગ વૃદ્ધિ 6.5% રહેવાનો અંદાજ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4

(C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ફાઈલોરિયા' (Filariasis) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે મચ્છરના કરડવાથી ફેલાતા પરોપજીવી જંતુઓથી થતો રોગ છે.

(B) તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે તેની નાબૂદી માટે એક મિશન શરૂ કર્યુ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી જય શાહની ACCના પ્રમુખ તરીકે ત્રીજી વખત વરણી

BCCI સેક્રેટરી શ્રી જય શાહની એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ તરીકે ત્રીજી વખત નિમણૂક કરવામાં આવી છે.



- શ્રી જય શાહનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો છે.
- ACCની વાર્ષિક સામાન્ય બેઠકમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો હતો.
- નોંધનીય છે કે શ્રી જય શાહે વર્ષ 2021ના જાન્યુઆરીમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ નજમુલ હસન પાસેથી ACCનું સુકાન સંભાળ્યું હતું.

નોંધ : (1) એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ની સ્થાપના એશિયામાં ક્રિકેટની રમતને પ્રોત્સાહન અને વિકાસ કરવા માટે 1983માં કરવામાં આવી હતી. ICCની આધીન તે ખંડની પ્રાદેશિક વહીવટી સંસ્થા છે.

(2) ACCનું વડું મથક શ્રીલંકાના કોલંબો ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમુદ્રી શેવાળની ખેતીને પ્રોત્સાહન આપવા પર રાષ્ટ્રીય સંમેલન

તાજેતરમાં કચ્છના કોટેશ્વર (કોરી ક્રીક) ખાતે સમુદ્રી શેવાળ અથવા સીવીડની ખેતીના પ્રોત્સાહન અંગેની રાષ્ટ્રીય પરિષદ (National Conforance on Promotion of Seaweed Cultivation) યોજાઈ હતી.





- તેનો ઉદ્દેશ દરિયાઈ ઉત્પાદનમાં વૈવિધ્ય લાવવા અને માછીમારોની આવક વધારવા માટે સીવીડની ખેતીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવાની સાથે ભારતીય ધોરણે સીવીડ ફાર્મિંગનો અમલ કરવાનો હતો.
- સીવીડ એ બહુકોષીય દરિયાઈ શેવાળ છે, તે લાલ, લીલો અને ભૂરા સહિત વિવિધ રંગોમાં જોવા મળે છે.
- તેને '21મી સદીનું મેડિકલ ફૂડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે મોટા ભાગે આંતર ભરતી ઝોનમાં દરિયાના છીછરા અને ઊંડા પાણીમાં અને નદીમુખો અને બેકવોટર્સમાં પણ જોવા મળે છે.
- દરિયાઈ શેવાળ પાણીની અંદરના જંગલો બનાવે છે, જેને કેલ્પ ફોરેસ્ટ કહેવાય છે.
- આ જંગલો માછલી, ગોકળગાય વગેરે માટે નર્સરી તરીકે કામ કરે છે.

## શ્રી ચંપઈ સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા



ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ના નેતા શ્રી ચંપઈ સોરેને 2 ફેબ્રુઆરી, 2024ના રોજ ઝારખંડના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

- ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શ્રી હેમંત સોરેનની ED દ્વારા ધરપકડ બાદ શ્રી ચંપઈ સોરેનની મુખ્યમંત્રી તરીકે વરણી થઈ હતી.
- શ્રી ચંપઈ સોરેન સરાઈકેલા વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય છે.
- તેઓ અગાઉ ઝારખંડના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને પછાત વર્ગ કલ્યાણ માટેના કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે.
- નોંધનીય છે કે ઝારખંડ વિધાનસભામાં કુલ 81 બેઠકો આવેલી છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં નીચેના પૈકી કોની 'એશિયન ક્રિકેટ કાઉન્સિલ' (ACC)ના પ્રમુખ તરીકે ત્રીજી વખત વરણી કરવામાં આવી છે ?
   (A) શ્રી જય શાહ (B) શ્રી મહીલા જયવર્દને
   (C) શ્રી સૌરવ ગાંગુલી (D) શ્રી શોએબ મલિક **(A)**

2. 'એશિયન ક્રિકેટ કાઉન્સિલ' (ACC)નું વડું મથક કયાં આવેલું છે ?
   (A) લાહોર (B) ઢાકા (C) મુંબઈ (D) કોલંબો **(D)**

3. તાજેતરમાં કયા સ્થળે સમુદ્રી શેવાળ અથવા સીવીડની ખેતીના પ્રોત્સાહન અંગેની રાષ્ટ્રીય પરિષદ (National Conforance on Promotion of Seaweed Cultivation) યોજાઈ હતી ?
   (A) એકતા નગર, નર્મદા (B) કોટેશ્વર, કચ્છ (C) મુંબઈ (D) દિલ્હી **(B)**

4. તાજેતરમાં શ્રી ચંપઈ સોરેને કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે ?
   (A) ઝારખંડ (B) ઓડિશા (C) છત્તીસગઢ (D) ત્રીપુરા **(A)**

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **'સ્ટેટ વિઝન ડોક્યુમેન્ટ ગુજરાત @2047' રોડમેપ લોન્ચ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય**



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના અમૃતકાળમાં વિકસિત ભારત @2047ના આપેલા સંકલ્પને સાકાર કરવા ગુજરાતે વિકસિત ગુજરાત @2047નો બહુઆયમી વિઝન ડોક્યુમેન્ટ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં લોન્ચ થયો હતો. આ પ્રકારનું પોતાનું આગવું વિઝન ડોક્યુમેન્ટ લોન્ચ કરનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને ગુજરાતનો રોલ હંમેશા પાયોનિયર રહ્યા છે.

➤ **પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતના ટેબ્લોને બે એવોર્ડ મળ્યા**




નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં કુલ 25 ટેબ્લોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના ટેબ્લોને સતત બીજા વર્ષે પીપલ્સ ચોઈસની પસંદગીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની જ્યૂરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોને બીજો ક્રમ મેળવ્યો છે. પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાત તરફથી 'ધોરડો : ગુજરાતના બોર્ડર ટુરિઝમનું વૈશ્વિક આઈકોન' થીમ હેઠળ ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


# ભારત

## ➤ વીરતા પુરસ્કાર

75માં પ્રજાસત્તાક દિવસ પર ભારતના રાષ્ટ્રપતિશ્રીએ 80 સશસ્ત્ર દળો અને સુરક્ષા દળોના જવાનોને શૌર્ય પુરસ્કારો એનાયત કરવાની મંજૂરી આપી હતી. જેમાંથી 12ને મરણોત્તર એનાયત કરવામાં આવ્યા હતા. સશસ્ત્ર દળોના અધિકારીઓ/કર્મચારીઓ, અન્ય કાયદેસર રીતે રચાયેલા દળો અને નાગરિકોના બહાદુરી તથા બલિદાનના કાર્યોને સન્માન આપવા માટે ભારત સરકાર દ્વારા વીરતા પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી. વીરતા પુરસ્કારોને બે પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવે છે : યુદ્ધ સમયનો વીરતા પુરસ્કાર (આ પુરસ્કારો દુશ્મનો સામે બહાદુરી માટે આપવામાં આવે છે) અને શાંતિ સમયનો વીરતા પુરસ્કાર (આ પુરસ્કાર દુશ્મનો સામે બહાદુરી તેમજ અન્ય કાર્યવાહી માટે આપવામાં આવે છે). આ પુરસ્કારોની પ્રાધન્યતાનો ક્રમ પરમ વીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર, વીર ચક્ર અને શૌર્ય ચક્ર છે. આ બહાદુરી પુરસ્કારો વર્ષમાં બે વાર જાહેર કરવામાં આવે છે, પ્રથમ પ્રજાસત્તાક દિવસના પ્રસંગે અને ત્યારબાદ સ્વતંત્રતા દિવસના પ્રસંગે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કૈરાલી AI ચિપ



તાજેતરમાં ડિજિટલ યુનિવર્સિટી કેરળએ રાજ્યની પ્રથમ સિલિકોન–પ્રમાણિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચિપ રજૂ કરી છે. કૈરાલી AI ચિપ જે વિવિધ એપ્લિકેશનો માટે ઝડપ, ઊર્જા કાર્યક્ષમતા અને માપનીયતા પ્રદાન કરે છે. ચિપ એજ ઈન્ટેલિજન્સ દ્વારા ઊર્જાની બચત કરીને અને શ્રેષ્ઠ પ્રદર્શન આપીને એપ્લિકેશનની વિશાળ, શ્રેણીને પહોંચાડે છે. ‘એજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)’ એજ કમ્પ્યૂટિંગ વાતાવરણમાં AIનું અમલીકરણ છે, જે સેન્ટ્રલાઈઝ્ડ ક્લાઉડ કમ્પ્યૂટિંગ સુવિધા અથવા ઓફસાઈટને બદલે જ્યાં ડેટા ખરેખર એકત્રિત કરવામાં આવે છે ત્યાં ગણતરી કરવાની મંજૂરી આપે છે. તેમાં ક્લાઉડ કમ્પ્યૂટિંગ પર આધાર રાખવાને બદલે એજ ડિવાઈસીસ પર મશીન લર્નિંગ અલ્ગોરિધમનો ઉપયોગ સામેલ છે જ્યાં ડેટા જનરેટ થાય છે. એજ ઈન્ટેલિજન્સ ડેટા અને વપરાશકર્તાઓ બંનેની ગોપનિયતા અને સુરક્ષાને સાચવીને ઝડપી અને વધુ કાર્યક્ષમ ડેટા પ્રોસેસિંગ પ્રદાન કરી શકે છે.

➤ **અનુસૂચિત જાતિનું પેટા વર્ગીકરણ**

ભારત સરકારે પ્રબળ અનુસૂચિત જાતિ (SC) સમુદાયોને અન્ય સૌથી પછાત સમૂદાયો કરતા વધુ લાભો પ્રાપ્ત કરવાના મુદ્દાને ઉકેલવા માટે કેબિનેટ સચિવના નેતૃત્વ હેઠળ એક ઉચ્ચ–સ્તરીય સમિતિની રચના કરી છે. આ નિર્ણય ખાસ કરીને તેલંગાણાના મડિગા સમુદાયની માંગણીઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ સમિતિનો પ્રાથમિક ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં વિવિધ અનુસૂચિત જાતિ સમુદાયોની ફરિયાદોના નિરાકરણ માટે વૈકલ્પિક માર્ગો શોધવાનો છે. જોકે આ સમિતિની રચના મડિગા સમુદાયની ચિંતાઓને દૂર કરવા માટે કરવામાં આવી છે, પરંતુ આ સમિતિનું કાર્યક્ષેત્ર એક સમુદાય અથવા રાજ્ય કરતા વધુ છે. તેનો ઉદ્દેશ્ય દેશભરમાં 1200થી વધુ અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ પછાત સમુદાયોને લાભો, યોજનાઓ અને પહેલોના સમાન વિતરણ માટેની પદ્ધતિનું મૂલ્યાંકન કરવાનો અને તેને પ્રાપ્ત કરવાની દિશામાં કાર્ય કરવાનો છે જેઓ પ્રમાણમાં સમૃદ્ધ અને પ્રભાવશાળી સમુદાયો કરતા પાછળ છે.

## વિશ્વ

➤ **ત્રીજી દક્ષિણ સમિટ**



તાજેતરમાં ચીન અને 77 દેશોના જૂથ (G77)ના સભ્યો ત્રીજી દક્ષિણ સમિટ માટે યુગાન્ડાના કમ્પાલામાં એકત્ર થયા હતા. ત્રીજી દક્ષિણ સમિટમાં ચીન અને G77ના 134 સભ્યોને વેપાર, રોકાણ, ટકાઉ વિકાસ, આબોહવા પરિવર્તન, ગરીબી નાબૂદી અને ડિજિટલ અર્થતંત્ર સહિત અન્ય વિષયો પર દક્ષિણ–દક્ષિણ સહયોગને મજબૂત કરવા માટે સાથે લાવવામાં આવ્યા હતા. આ સમિટની થીમ 'Leaving No One Behind' હતી. 77 દેશોનું જૂથ (G77) 15 જૂન, 1964ના રોજ અસ્તિત્વમાં આવ્યું હતું. જ્યારે આ દેશોએ જિનીવામાં યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ના પ્રથમ સત્ર દરમિયાન સંયુક્ત ઘોષણા પર હસ્તાક્ષર કર્યા હતા. G77 જૂથમાં ચીનને બાદ કરતા 134 સભ્યો છે કારણ કે ચીનની સરકાર પોતાને સભ્ય માનતી નથી પરંતુ જૂથને રાજકીય અને નાણાકીય સહાય પૂરી પાડે છે. જોકે G77 જૂથ ચીનને તેના સભ્ય તરીકે સૂચિબદ્ધ કરે છે. G77 જૂથ એ વિકાસશીલ દેશોની સૌથી મોટી આંતરસરકારી સંસ્થા છે. તે વિકાસશીલ દેશોના આર્થિક હિતોને પ્રોત્સાહન આપવા અને સંયુક્ત રાષ્ટ્રની સિસ્ટમમાં આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓની ચર્ચા કરવાની તેમની ક્ષમતાને સુધારવા માટે બનાવવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં શ્રી અમિતભાઈ શાહએ કયા સ્થળે NCDFIના મુખ્યાલયનો શિલાન્યાસ કરાવ્યો હતો ? – આણંદ
2. એક સમયે સંસ્કૃત લખવા માટે વપરાતી ગ્રંથ લિપિ મુખ્યત્વે કયા ભારતીય રાજ્યની હતી ? – તમિલનાડુ
3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ડિસીઝ X' કોની સાથે સંબંધિત છે ? – ભાવી મહામારી માટે કાલ્પનિક રોગકારક
4. 84મી અખિલ ભારતીય પ્રિસાઈડિંગ ઓફિસર્સ કયાં યોજાઈ હતી ? – મુંબઈ
5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'આર્મડો' શું છે ? – આર્મર્ડ લાઈટ સ્પેશિયાલિસ્ટ વ્હીકલ (ALSV)
(ન્યૂ મહિન્દ્રા આર્મડો, ભારતનું પ્રથમ આર્મર્ડ લાઈટ સ્પેશિયાલિસ્ટ વ્હીકલ (ALSV), પ્રજાસત્તાક દિવસની પરેડમાં ડેબ્યુ થયું હતું. મહિન્દ્રા ડિફેન્સ સિસ્ટમ દ્વારા ડિઝાઈન અને બિલ્ટ થયેલ છે, તે આતંકવાદ વિરોધી, વિશેષ દળો, જાસૂસી અને સરહદ પેટ્રોલિંગમાં ભારતીય સશસ્ત્રો દળો માટે બનાવવામાં આવ્યું છે)
6. ભારતીય સેનામાં સુબેદારનો હોદ્દો મેળવનાર પ્રથમ મહિલા કોણ છે ? – સુશ્રી પ્રીતિ રજક
7. માર્કેટ એક્સેસ ઈનિશિયેટિવ (MAI) સ્કીમ, જે સમાચારમાં જોવા મળી હતી. તે કોની સાથે સંબંધિત છે ?
– નિકાસ પ્રોત્સાહન યોજના
8. તાજેતરમાં સમાચારમાં રહેલ સિંગચુંગ બગુન કોમ્યુનિટી રિઝર્વ કયા રાજ્યમાં સ્થિત છે ? – અરૂણાચલ પ્રદેશ
9. ISRO દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ INSAT 3DS કેવા પ્રકારનો ઉપગ્રહ છે ?
– હવામાનશાસ્ત્રીય ઉપગ્રહ
10. ______ એ નવી દિલ્હીમાં ફોરેન પોસ્ટ ઓફિસમાં હોંગકોંગમાંથી સાત કન્સાઈનમેન્ટ અટકાવ્યા હતા.
– ડિરોક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)
(DRI એ નાણા મંત્રાલય હેઠળની ભારતની અગ્રણી એન્ટિ–સ્મગલિંગ એજન્સી છે. તે દાણચોરી, નાર્કોટિક્સ અને અંડર–ઈનવોઈસિંગ, વિદેશી એજન્સીઓ સાથે સહયોગ કરવા, વલણોનું વિશ્લેષણ કરવા અને તપાસોનું માર્ગદર્શન કરવા માટે ગુપ્ત માહિતી એકત્રિત કરે છે)
11. તાજેતરમાં સમાચારમાં રહેલ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ કઈ નદી પર બાંધવામાં આવ્યો છે ? – ચીનાબ નદી
12. તાજેતરમાં કયા ત્રણ દેશોએ વેસ્ટ આફ્રિકન સ્ટેટ્સ (ECOWAS)ના આર્થિક સમુદાયમાંથી ખસી જવાની જાહેરાત કરી છે ? – બુર્કિના ફાસો, માલી, નાઈજર
13. ઓલ ઈન્ડિયા પોલીસ કમાન્ડો સ્પર્ધાની 14મી આવૃત્તિ કયાં યોજાઈ હતી ? – વિશાખાપટ્ટનમ
14. નિશા પાહુજાની ફિલ્મ 'ટુ કિલ અ ટાઈગર'ને ઓસ્કાર 2024 માટે કઈ કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવી છે ?
– શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. CIL, GAIL અને BHEL સાથે મળીને બે કોલ ગેસિફિકેશન પ્લાન્ટની સ્થાપનાને મંજૂરી આપી છે. આ પ્લાન્ટ કયા રાજ્યોમાં સ્થાપવામાં આવશે ? – પશ્ચિમ બંગાળ અને ઓડિશા

16. 5G ઈનોવેશન લેબની સ્થાપના માટે કઈ કંપનીએ રિલાયન્સ જિયો સાથે સહયોગ કર્યો છે ? – વનપ્લસ ઈન્ડિયા

17. કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ સૌથી મોટી લશ્કરી કવાયત 'સ્ટેડફાસ્ટ ડિફેન્ડર 2024' શરૂ કરી છે ? – NATO

18. ભારતે તાજેતરમાં જોઈન્ટ ઈકોનોમિક એન્ડ ટ્રેડ કમિટી (JETCO) પ્રોટોકોલની મંજૂરી દ્વારા કયા દેશ સાથે તેના આર્થિક સંબંધો મજબૂત કર્યા છે ? – ડોમિનિકા રિપબ્લિક

19. કઈ કંપનીની પેટા કંપનીએ તાજેતરમાં RBI પાસેથી પેમેન્ટ એગ્રીગેટર લાયસન્સ મેળવ્યું છે ? – Zometo

20. તાજેતરમાં કયા દરિયાઈ જાયન્ટે ગ્રીન મિથેનોલ દ્વારા બળતણ ધરાવતા વિશ્વના સૌથી મોટા કન્ટેનર જહાજનું અનાવરણ કર્યું છે ? – મેર્સ્ક

21. 2024માં ચોથો રૂસોમા ઓરેન્જ ફેસ્ટિવલ કયા ભારતીય રાજ્યમાં યોજાયો હતો ? – નાગાલેન્ડ

22. 60 વર્ષની ઉંમર પછી કયા પ્રદેશમાં સૌથી વધુ આયુષ્ય છે, જેમાં પુરુષોનું આયુષ્ય 20.3 ટકા અને સ્ત્રીઓનું 23.0 ટકા છે ? – જમ્મુ–કાશ્મીર

23. ભારતની પ્રથમ મૌખિક ગર્ભનિરોધક ગોળી 'સહેલી' બનાવનાર વ્યક્તિ _____ નું લખનૌમાં 99 વર્ષની વયે નિધન થયું છે. – ડો. નિત્યા આનંદ

24. તાજેતરમાં કાપડ મંત્રાલયે આંધ્રપ્રદેશ સરકારના સહયોગથી _____ માં તકનીકી કાપડ પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યુ હતું. – કાપડ મંત્રાલય

25. મણિપુરની નાઓરેમ રોશિબિના દેવીએ _____ રમતમાં IWUF મહિલા એથ્લેટ ઓફ ધ યરનો ખિતાબ મેળવ્યો હતો. – વુશુ

26. તાજેતરમાં કયા ભારતીય રાજ્યએ 'LABHA' યોજના શરૂ કરી છે ? – ઓડિશા

27. તાજેતરમાં કયા રાજ્યએ ચોથા રાષ્ટ્રીય ચિલિકા પક્ષી મહોત્સવનું આયોજન કર્યુ હતું ? – ઓડિશા

28. બેંક ઓફ બરોડાની કાર્ડ પેટા કંપનીનું નવું નામ શું છે, જે અગાઉ 'BOB ફાયનાન્સિયલ સોલ્યુશન્સ લિમિટેડ' તરીકે જાણીતું હતું ? – BOBCARD લિમિટેડ

29. કતારે કયા દેશ સાથે ઊર્જા સંબંધોને મજબૂત કરવા માટે 15 વર્ષના LNG વેચાણ અને ખરીદી કરારને અંતિમ સ્વરૂપ આપ્યું છે ? – બાંગ્લાદેશ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

30. ભારતીય ગેસ કંપની GAILએ કયા દેશ સાથે 10 વર્ષનો LNG સોદો કર્યો છે ? – UAE

31. કઈ ઓટોમેકરે 2023માં વિશ્વની સૌથી વધુ વેચાતી ઓટોમેકર તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું છે ? – ટોયોટા

32. મહિલા એર રાઈફલ સિલ્વર મેડલ મેળવીને કૈરો શૂટિંગ વર્લ્ડ કપમાં કોણે નોંધપાત્ર પદાર્પણ કર્યુ હતું ? – સોનમ મસ્કર

33. માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ સુધી પહોંચનાર સૌથી નાની વયના વ્યક્તિ તરીકેનો રેકોર્ડ બનાવનાર બે વર્ષીય કાર્ટર ડલાસ કયા દેશનો છે ? – સ્કોટલેન્ડ

34. ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ કયાં યોજાવાની છે ? – લદાખ–જમ્મુ કાશ્મીર

35. બ્રેઈન–કમ્પ્યૂટર ઈન્ટરફેસના ક્ષેત્રમાં કઈ ન્યુરોટેક્નોલોજી કંપનીએ સફળતાપૂર્વક તેની પ્રથમ મગજ ચિપ મનુષ્યમાં ઈમ્પ્લાન્ટ કરી છે ? – ન્યુરાલિંક (એલન મસ્ક દ્વારા સહ–સ્થાપિત)

36. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોના 5,500 કિ.મી.ના વિસ્તારને આવરી લેતા માર્ગ સુરક્ષાને વધારવા માટે 'સડક સુરક્ષા ફોર્સ' (SSF) શરૂ કરવામાં આવી છે ? – પંજાબ

37. દર વર્ષે કઈ તારીખે આંતરરાષ્ટ્રીય ઝેબ્રા દિવસ મનાવવામાં આવે છે ? – 31 જાન્યુઆરી

38. ભારતના કયા રાજ્યમાં અગાઉ નોંધાયેલ અગસ્ત્યાગામા બેડોમી, અગસ્થાગમ જાતિની પ્રથમ પ્રજાતિ મળી છે ? – તમિલનાડુ

39. જાદુંગ ગામનું પુનર્વસન કરવામાં આવશે, આ ગામ કયાં આવેલું છે ? – ઉત્તરકાશી જિલ્લામાં, ઉત્તરાખંડ

40. તાજેતરમાં આંધ્રપ્રદેશ, ઓડિશા અને પંજાબના વિવિધ વિસ્તારોમાં મચ્છરોમાં વધતા જતા ભયનો સામનો કરવા માટે સ્થાનિક જળાશયોમાં _____ માછલીઓ છોડવામાં આવી છે. – મોસ્કિટોફિસ (ગેંબૂસિયા)

41. નાસાના પર્સિવરેન્સ રોવરે GPR અવલોકનો દ્વારા કયા ગ્રહના જેઝોરો ક્રેટરમાં પ્રાચીન તળાવના કાંપના અસ્તિત્વની પુષ્ટિ કરી છે ? – મંગળ

42. _____ રાજ્ય સરકારે તાજેતરમાં ઓલ ઈન્ડિયા ગેમ ડેવલપર્સ ફોરમ (AIGDF) સાથે મળીને નવી 'ડિજિટલ ડિટોક્સ' પહેલની જાહેરાત કરી છે. – કર્ણાટક

43. તાજેતરમાં કયા મંત્રાલયે કોલ માઈન્સ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (CMPFO)નું C-CARES વેબ પોર્ટલ લોન્ચ કર્યુ છે ? – કોલસા મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT